તા.૫ ડિસેમ્બર, ૨૦૧૩

# રાજ્યસભાના વિપક્ષી નેતા શ્રી અરુણ જેટલીની ફેસબુક પોસ્ટ

પાંચ રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓનું મતદાન પૂર્ણ થયું. હવે આતુરતાપૂર્વક પરિણામોની પ્રતિક્ષા કરવામાં આવી રહી છે. એક્ઝિટ પોલમાં એવા નિર્દેશો સાંપડી રહ્યા છે કે કોંગ્રેસને પાંચેય રાજ્યોમાં પરાજયની પછડાટ મળશે. એક્ઝિટ પોલ સંભવિત પરિણામો જ દર્શાવે છે. તેમાં ખામી હોવાની શક્યતા રહેલી હોય છે. એક્ઝિટ પોલની આવી મર્યાદા છતાં તે ટ્રેન્ડ રજૂ કરે છે. કોંગ્રેસની છાવણીમાં સંપૂર્ણપણે હતાશા જણાય છે. ચૂંટણીના અંતિમ તબક્કામાં કોંગ્રેસના નેતાઓએ દિલ્હીમાં ચૂંટણી પ્રચાર કરવાનું પડતું મુક્યું હતું. શ્રીમતી શીલા દીક્ષિતે એકલા હાથે લડવું પડ્યું હતું. કોંગ્રેસના પ્રવક્તાઓ એક્ઝિટ પોલ વિશેની ચર્ચામાં હાજર રહેવાનું ટાળતા જણાયા. એક્ઝિટ પોલને કારણે કોંગ્રેસમાં આટલી હતાશા ફેલાઈ છે, તો વાસ્તવિક પરિણામો આવે ત્યારે તેની હાલત કેવી થશે તેની કલ્પના જ કરવી રહી.

રાજકારણમાં કદીપણ અંતિમ દિવસ હોતો નથી. પ્રવૃત્તિઓ સતત ચાલતી જ રહે છે. કોંગ્રેસે તો પ્રયાસો જ છોડી દીધા હતા. દિલ્હીની ચૂંટણીમાં કેન્દ્રીય નેતાગીરીએ દિલ્હીના નેતાઓને ત્યજી દીધા હોય એવું જણાતું હતું. કેન્દ્ર સરકારે આર્થિક મોરચે સર્જેલી અવ્યવસ્થા, ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો, નીતિઓ ઘડવાની પ્રક્રિયા સ્થગિત કરવી, સબળ નેતૃત્વનો અભાવ વગેરે બાબતોથી કોંગ્રેસની નેતાગીરીમાં હતાશા ફેલાઈ છે. કોંગ્રેસ પક્ષ આ વાસ્તવિકતાનો સ્વીકાર નહિ કરે ત્યાં સુધી તેને સાચા ઉત્તરો મળવાના નથી. રાજકારણમાં કોઈનો કરિશ્મા લાંબો સમય સુધી ટકતો નથી. રાજકીય પક્ષ એક પરિવાર આસપાસનો શંભુમેળો બની જાય ત્યારે તે પરિવારની ક્ષમતા અંગે શંકા જાય છે. તે પક્ષ નિરાશા ધરાવતો પક્ષ બની ગયો છે. નિરાશા કદી સારા પરિણામો આપતી નથી બલકે નિષ્ફળ જ જાય છે.

કોંગ્રેસ પક્ષ આગામી ૮ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ આવનારા ચૂંટણી પરિણામો અંગે કેવી પ્રતિક્રિયા આપે છે તેની હું પ્રતિક્ષા કરી રહ્યો છું. તે પક્ષની હાલતનું નિકટથી નિરીક્ષણ કરીએ તો માલુમ પડે છે કે તેઓમાં યોગ્ય સવાલો પુછવામાં આવશે નહિ. આવું કરવામાં ન આવે ત્યાં સુધી તેઓને સત્ય જાણવા નહિ મળે. કોંગ્રેસની પરંપરાગત વિચારધારાને ધ્યાનમાં લઈએ તો તેઓની સમસ્યાનું સમાધાન એ છે કેઃ પરિવારનો એક સભ્ય નિષ્ફળ જાય તો બીજા સભ્યની મદદથી કોશિશ કરીએ.